# 12

**રી–સ્ટ્રક્ચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી–કન્સ્ટ્રકશન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના**

* 15/4/935 **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક: ૧૩૯૬ (અગ્રતા–૮૫) ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૪–૯–૨૦૨૦થી રી–સ્ટ્રકચરીંગ ઓફ યુનિવર્સિટી સિસ્ટમ એન્ડ રી–કન્સ્ટ્રકશન ઓફ કોલેજ એફીલીએશન સિસ્ટમ માટે પેટા સમિતિની રચના કરવામાં આવેલ તેનો અહેવાલ સરકારને તા.૦૮–૦૨–૨૦૨૧ના મળેલ છે, તે અહેવાલ અંગે તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ક્યારે અને શી કાર્યવાહી કરી શાં પગલાં લેવામાં આવ્યા? | (૧) | 1. ગુજરાત સરકાર દ્વારા ૫મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ, ૨૦૨૨ ના ભાગરૂપે યોજાયેલ પ્રોગ્રામ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટીટ્યુશન્સ (ICAI) દરમિયાન "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નો અમલીકરણ રોડમેપ" લોન્ચ કરવામાં આવેલ હતો. જેના અંતર્ગત આગામી ૨૦ વર્ષને બદલે ૧૦ વર્ષમાં નેશનલ એજ્યુકેશન પોલિસીના અમલીકરણને ટૂંકા ગાળા (0-3 વર્ષ), મધ્યમ ગાળા (3-6 વર્ષ) અને લાંબા ગાળા (6-10 વર્ષ)માં વિભાજિત કરવામાં આવેલ છે. જેના અનુસાર લાંબા ગાળાના (6-10 વર્ષ)ના એક્શન પ્લાનમાં યુનિવર્સિટીઓમાંથી કોલેજોના ડી–એફિલિએશન માટેની કામગીરી કરવામાં આવશે.<br>2. યુ.જી.સી. દ્વારા ડી–એફિલિએશન ઓફ કોલેજીસ માટેની ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવશે તે મુજબ સરકારશ્રી દ્વારા અમલીકરણની કામગીરી કરવામાં આવશે.<br>3. કોલેજોના ડી–એફિલિએશન સાથે જોડાયેલ તમામ મુદ્દાઓ જેવા કે; એન્ટ્રી–એક્ઝીટ ઓપ્શન/એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ, મલ્ટીડિસીપ્લીનરી એજ્યુકેશન સિસ્ટમની સ્થાપના, વોકેશનલ/એમ્પ્લોયેબિલિટી સ્કીલ્સ/ઈન્ટર્નશીપ કરીક્યુલમ, એક્ઝામીનેશન એન્ડ ઈવેલ્યુએશન રીફોર્મ, ક્વાલીટી, ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ઓટોનોમી, મલ્ટીડિસીપ્લીનરી હાયર એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ/ઈન્ટીગ્રેટેડ હાયર/પ્રોફેશનલ એજ્યુકેશન વગેરે માટે UGC ગાઈડલાઈન્સ આવ્યા |

પછી આ મુદ્દાઓ અન્વયે અમલીકરણ કરવામાં આવશે.

4. UGC ગાઈડલાઈન્સ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે સરકારશ્રી દ્વારા ૬ કોલેજોનું શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી કોલેજીસ કન્ફેડરેશન ક્લસ્ટર બનાવેલ છે. જેના દ્વારા નીચે મુજબના કાર્યો કરવામાં આવશે.

   (a) તમામ કોલેજોના સાધનોનો સામૂહિક ઉપયોગ.

   (b) નવા કોર્ષિસ દાખલ કરવા.

   (c) વિદ્યાર્થીઓના વિકાસની યોજના તૈયાર કરવી.

--------------------